# નોટબંધીને પગલે જિલ્લાનુ અર્થતંત્ર ખોડંગાયુ

## બેંકોની ડિપોઝીટ વધી પણ ધિરાણમાં નોંધપાત્ર ઘટાડો થતાં ક્રેડીટ ડિપોઝીટ રેસિયો ૩.૬૮ ટકા ઘટી ગયો

**(પ્રકાશ જહા)**ગાંધીનગર, તા. ૨૮

કેન્દ્ર સરકારે કરેલા નોટબંધીના નિર્ણયને પગલે ગાંધીનગર જિલ્લામાં બેંકોની ડિપોઝીટ્સમાં વધારો થયો પરંતુ ધિરાણમાં આવેલી મંદીને પગલે જિલ્લાના ક્રેડીટ ડિપોઝીટ રેસિયામાં ૩.૬૮ ટકાનો ઘટાડો ગતવર્ષની તુલનામાં નોંધાયો છે. નોટબંધી પછી જિલ્લાનું અર્થતંત્ર ખોડંગાયુ છે તે સ્પષ્ટ થાય છે.

જિલ્લામાં આવેલી બેંકોમાં ડિપોઝીટની રકમ ૨૦૧૬ની સ્થિતિએ ૬૪૮ કરોડ જેટલી વધી છે પરંતુ ખાનગી ક્ષેત્રે, કૃષિ ક્ષેત્રે, મિડીયમ અને સ્મોલ એન્ટરપ્રાઈઝ ક્ષેત્રે અને શૈક્ષણિક લોનના ધિરાણમાં મસમોટુ ગાબડુ પડતાં જિલ્લાના અર્થકારણને ગંભીર અસરો થવા પામી છે.

૨૦૧૬માં ડિપોઝીટ્સ બેંકોમાં ૨૧,૯૯૨ કરોડની હતી તે ૨૦૧૭ના માર્ચમાં વધીને ૨૨,૬૪૦ કરોડ પર પહોંચી હતી. ડિસેમ્બરથી માર્ચના ત્રિમાસિક ગાળામાં તેમાં વૃદ્ધિ ૮૦ કરોડ જેટલી થઈ હતી જે પણ નોંધનીય છે. સામે પક્ષે ૨૦૧૬ના વર્ષમાં ૧૨૮૫૪ કરોડના ધિરાણની તુલનામાં ૨૦૧૭ના માર્ચ અંતિત ધિરાણ ૧૨,૪૦૦ કરોડનું થયું છે. જે ૪૫૪ કરોડનો ઘટાડો દર્શાવે છે.

પ્રાઈવેટ સેક્ટરના ધિરાણમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. આ પછી કૃષિક્ષેત્રના ધિરાણમાં રૂ. ૯૮૫ કરોડનો ઘટાડો ૨૦૧૬ની તુલનામાં નોંધાયો છે. જાન્યુ. ૧૭થી માર્ચ-૧૭ના કૃષિક્ષેત્રના ધિરાણમાં પણ ૩૯ કરોડનો નોંધનીય ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લાના અર્થતંત્રમાં કૃષિક્ષેત્રનું સૌથી મોટુ પ્રદાન છે. જે નોંધનીય છે.

### બેંક ખાતાંઓને આધારકાર્ડ સાથે સાંકળવામાં સારી સફળતા મળી : પાંચ બેંકોમાં લક્ષ્યાંક કરતાં પણ ધિરાણ ઓછુ થતાં કડક તાકીદ કરાઈ : પ્રધાનમંત્રીની સામાજિક સુરક્ષા યોજનામાં અટલ પેન્શનને સૌથી નબળો પ્રતિસાદ

જિલ્લામાં શૈક્ષણિક ક્ષેત્રે લોન મેળવનારાઓની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે. જો કે હાઉસીંગ ક્ષેત્રમાં લોન મેળવનારાઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે.

તાજેતરમાં જિલ્લા કલેક્ટર સતીષ પટેલના અધ્યક્ષપદે મળેલી બેંકીંગ ક્ષેત્રની ડી.એલ.સી.સી.ની બેઠકમાં આ મુદ્દે ગંભીર ચર્ચાઓ થઈ હતી. જિલ્લામાં નોટબંધી બાદ નાણાંકીય વર્ષના અંતે બેંકોની સ્થિતિ અંગેની સમીક્ષા દરમ્યાન ચોંકાવનારી હકીકતો બહાર આવી છે. પાંચ જેટલી બેંકોને તો તેમના ધિરાણના લક્ષ્યાંકો સિદ્ધ નહિ થયા હોવાથી તેના પર પુરેપુરૂ ધ્યાન કેન્દ્રીય કરવા માટેની કડક તાકીદ પણ કલેક્ટર દ્વારા કરવામાં આવી છે.

જિલ્લાનો ક્રેડીટ ડિપોઝીટ રેસિયો જે માર્ચ ૨૦૧૬ને અંતે ૫૪.૪૫ ટકા હતો તે માર્ચ ૨૦૧૭ને અંતે ઘટીને ૫૪.૭૭ ટકા થયો છે. રિઝર્વ બેંક સામાન્યતઃ ૬૦ ટકા રેસિયાને તંદુરસ્ત માને છે તે ઉલ્લેખનીય છે.

● અનુસંધાન પાન-૫ પર

## આજે પણ જિલ્લામાં ૧૭ ગામોમાં બેંકની સુવિધા નથી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ૧૭ ગામો આજે પણ એવા છે જ્યાં બેંકની સુવિધા ઉપલબ્ધ નથી. આ પૈકી ૧૬ ગામોમાં કનેકટીવીટીનો અભાવ હોવાનુ જાણવા મળેલ છે.

બેંકની સુવિધા ના હોય તેવા ગામોમાં બેંક મિત્રની નિમણુંક કરી બેંકો કામ કરતી હોય છે પરંતુ આ ૧૭ ગામોમાં બેંક મિત્રો પણ પહોંચ્યા નથી. આમ તો જિલ્લાના ૧૩૯ જેટલા ગામો એવા હતા જ્યાં બેંકની સુવિધા ઉપલબ્ધ ન હતી પરંતુ આ પછી બેંક મિત્રની યોજના બનાવી અને કામ લેવામાં આવતુ હતુ.

# શહેરમાં ચોમાસાના પ્રારંભે જ ૧૦ વૃક્ષો ધરાશાયી થયા

## ૧૫ ભયજનક વૃક્ષો પણ દુર કરાયા

ગાંધીનગર તા ૨૮

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન ભયજનક વૃક્ષો અકસ્માતનુ કારણ ન બને તે માટે વનતંત્ર દ્વારા આવા જોખમી વૃક્ષોની કટોતી કરવામાં આવી રહી છે. વરસાદી દિવસો દરમિયાન જ તંત્રના ધ્યાને આવેલા ૧૫ જેટલા ભયજનક વૃક્ષોને જમીનદોસ્ત કરવામાં આવ્યા છે. શહેરમાં વરસાદી ઋતુના પ્રારંભે જ ૧૦ જેટલા વૃક્ષો ધરાશાયી થયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

હરિયાળા વૃક્ષોની વનરાજી વચ્ચે ઘેરાયેલા નગરમાં મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ હરિયાળા વૃક્ષો જોવા મળી રહયા છે. જયારે વૃક્ષોની સંખ્યા વધુ હોવાના લીધે વૃક્ષોની જાળવણીનો મામલો પણ મુખ્ય બન્યો છે. વનતંત્ર દ્વારા વૃક્ષોના ટ્રીમીંગની ઝુંબેશ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે હાલ વરસાદી દિવસો શરૂ થતા નગરમાં ભયજનક વૃક્ષો અકસ્માતનુ કારણ ન બને તે માટે જોખમી વૃક્ષો દુર કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. વર્ષો અગાઉ ચ માર્ગ પર ભયજનક વૃક્ષ ધરાશાયી થતા એક યુવાનનુ મોત પણ નિપજયુ હતુ. જો કે વર્ષ દરમિયાન પણ વનતંત્ર દ્વારા ભયજનક વૃક્ષો દુર કરવા માટે સમયાંતરે કામગીરી હાથ ધરવામાં આવે છે. પરંતુ ચોમાસાને અનુલક્ષી તંત્ર દ્વારા થોડા સમય અગાઉ સુકા વૃક્ષો પણ દુર કરવામાં આવ્યા હતા. જયારે ભયજનક વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી હતી. વરસાદના પ્રારંભે જ શહેરમાં ૧૦ જેટલા વૃક્ષો ધરાશાયી થયા હતા. વનતંત્રના જણાંવ્યા મુજબ વરસાદી દિવસોમાં શહેરમાં ભયજનક માલુમ પડેલા ૧૫ જેટલા વૃક્ષો પણ દુર કરવામાં આવ્યા છે.




વિશ્વના ટેક્ષટાઈલ ક્ષેત્રનુ ઐતિહાસિક પ્રર્દશન સે-૧૭ હેલીપેડ મેદાન ખાતે યોજવામાં આવશે. પ્રદર્શનને અનુલક્ષી પુર્વતૈયારીઓ કરી દેવાઇ છે. મહાત્મા મંદિર ખાતે ૩૦મી જુને કાપડ ઉદ્યોગની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ટેક્ષટાઈલ ઈન્ડિયા -૨૦૧૭ નુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે આ દરમિયાન હેલીપેડ મેદાન ખાતે ટેક્ષટાઈલ જગતનુ સૌથી મોટુ પ્રદર્શન યોજવામાં આવશે. જેમાં ૧૩૦ દેશના ૨ હજારથી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે. આ પ્રદર્શનના અંતે ગ્લોબલ માર્કેટમાં દેશની ઈકોનોમી વધુ મજબુત બનશે તેમ પણ મનાઈ રહયુ છે. આ પ્રસંગે ફેશન શો નુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

## રાજ્યમાં મેઘમહેર યથાવત

અમદાવાદ, તા. ૨૮

દક્ષિણ ગુજરાત પ્રદેશમાં આજે પણ ભારે વરસાદ યથાવરીતે જારી રહ્યો હતો. સતત ત્રીજા દિવસે મેઘમહેર યથાવત રહી હતી. કોઈ જગ્યાએ ધોધમાર તો કોઈ જગ્યાએ હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા. મહેસાણાના સતલાસણમાં પોણા ચાર ઈંચ જેટલો વરસાદ થયો છે.

જયારે મધ્ય ગુજરાતના કઠલાલમાં ત્રણ ઈંચથી પણ વધુ વરસાદ થયો છે. ભાયાવદર, જામકંડોરણામાં અઢી ઈંચથી વધુ વરસાદ થયો છે. સતલાસણામાં સૌથી વધુ વરસાદ નોંધાઈ ગયો છે. કડી, મહેસાણા, વડનગર અને ઉંઝા પંથકમાં એક એક ઈંચથી વધુ વરસાદ થયો છે.

# મતદારયાદી સુધારણા ઝુંબેશ માટે ૭ અને ૨૧ જુલાઈએ ખાસ ગ્રામસભા યોજાશે

## મતદારયાદી સુધારણામાં રાજકીય પક્ષોની ભાગીદારી વધે તે હેતુસર બુથલેવલ એજન્ટની જોગવાઈ પણ પંચે કરી છે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૮

આગામી ૧લી જુલાઈથી શરૂ થઈ રહેલ ખાસ સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા ઝુંબેશમાં કોઈ મતદાર નોંધાવા વગર રહી ના જાય તે થીમ પર કામગીરી કરવામાં આવશે. આ માટે ગ્રામ્યકક્ષાએ ૭ જુલાઈ અને ૨૧ જુલાઈના રોજ ખાસ ગ્રામસભાઓ યોજી તેમાં મતદારયાદીના નામોનુ વાંચન કરવામાં આવશે.

જિલ્લા કલેક્ટર સતીષ પટેલ અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિપુલ ઠક્કરે આજે પત્રકારોને આ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશની વિગતો આપતાં જણાવ્યું હતું કે મતદારયાદી પ્રસિદ્ધ થઈ ત્યારે જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૧,૫૧,૮૭૬ હતી. આ પછી ચાલી રહેલ સતત નોંધણી ઝુંબેશ દરમ્યાન ૧૫ મે સુધીમાં ૬૫૦૭ જેટલી નવી અરજીઓ મળી છે.

● અનુસંધાન પાન-૫ પર

### જિલ્લામાં પાંચ વર્ષમાં ૧૭૭ મતદાન મથકો વધ્યા

૨૦૧૨માં યોજાયેલ વિધાનસભાની ચૂંટણી દરમ્યાન જિલ્લામાં ૧૧૬૨ મતદાન મથકો હતો પરંતુ ૨૦૧૭માં વધેલા મતદારો પછી હવે ૧૭૭ નવા મતદાન મથકો વધવા પામ્યા છે. હવે જિલ્લાના મતદાન મથકોની સંખ્યા વધીને ૧૩૩૯ પર પહોંચી છે.

**૪૫૦૦ મતદારોના ચહેરા અને નામ સરખા જણાતાં તેમની ચકાસણી કરાશે**

મતદારયાદી સુધારણા ઝુંબેશ અંગે આજે બોલાવાયેલ પત્રકાર પરિષદમાં ના.જિ. ચૂંટણી અધિકારી વિપુલ ઠક્કરે જણાવ્યુ હતુ કે એક સરખા નામ અને ફોટા સરખા જણાતા હોય તેવા ૪૫૦૦ મતદારોને શોધી કાઢવામાં આવ્યા છે અને તેમની ચકાસણી બીએલઓ દ્વારા કરવામાં આવશે.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com